# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2024** **Midday : 2.30 to 2.35**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર યશવી મહેતા વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# EC- DM & SP TRANSFER

ચૂંટણી પંચે ગુજરાત સહિત પંજાબ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા અધિકારીઓ અને પોલીસ અધિક્ષક તરીકે નિયુક્ત નોન-કેડર અધિકારીઓની બદલીનો આદેશ આપ્યોં છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની અધ્યક્ષતામાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સાથે પંચની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉપરાંત, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેના પારિવારિક સંબંધોને ધ્યાનમાં રાખીને, કમિશને ભટિંડા, પંજાબના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને આસામના સોનીતપુરના પોલીસ અધિક્ષકની બદલી અંગે પણ સૂચના આપી છે. આ બંને રાજ્યોમાં વહીવટીતંત્રમાં  કોઈપણ પ્રકારના પક્ષપાતી વર્તનની શક્યતાને ધ્યાનમાં રાખીને આ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. પંચે સંબંધિત રાજ્ય સરકારોને તાત્કાલિક અસરથી જિલ્લા અધિકારીઓ અને એસપી તરીકે નિમણૂક કરાયેલા નોન-કેડર અધિકારીઓની બદલી કરવાનો નિર્દેશ આપ્યો છે

# Panchmahal Lok Sabha Code of Conduct

લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણીની જાહેરાત બાદ રાજયમાં આદર્શ આચારસંહિતાના અમલિકરણની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ દ્વારા 20 ચેકપોસ્ટ ઉભી કરીને સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પંચમહાલ જિલ્લામાં 45 એફ એસ ટી, 60 એસએસટીની ટીમો કાર્યરત રહેશે.

મહીસાગર જિલ્લામાં ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેના ભાગરૂપે જિલ્લા મેજીસ્ટ્રેટે સમગ્ર મહીસાગર જીલ્લામાં કોઈપણ વ્યકિતએ

પોતાના પરવાનાવાળા હથિયાર કે અન્ય હથિયારો સાથે ઘર બહાર નહીં નિકળવાનો આદેશ આપ્યો છે.

છોટાઉદેપુરમાં રાજકીય પક્ષો કે ઉમેદવારોની જાહેરાત કેબલ ચેનલમાં પ્રસારીત કરતા પહેલાં મીડીયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટી MCMC કમિટીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે

આદર્શ આચાર સંહિતાના અમલ દરમ્યાન રાજકીય પક્ષો કે ઉમેદવારો દ્વારા રાજકીય પ્રકારની જાહેરાતો, બાઈટસ વગેરે વિજાણુ માધ્યમો જેવા કે ટી.વી ચેનલો, ખાનગી ચેનલો, રેડિયો, કેબલ, ટી.વી નેટવર્ક, ખાનગી એફ.એમ.માં પ્રસારિત કરતા પહેલા MCMC સમક્ષ રજુ કરી, મંજુરી મળ્યા બાદ જ પ્રસારણ કરી શકાશે.

## voters.eci

રાજયભરમાં જે કોઇ પણ નવા મતદારોના નામ નોંધાવવાના બાકી રહી ગયા હોય તેઓ નવમી એપ્રિલ સુધી ફોર્મ ભરી શકશે. રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પાત્રતા ધરાવતા કોઇ પણ મતદાર ચૂંટણી પ્રક્રિયામાંથી બાકાત ન રહે તથા પ્રત્યેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરે એ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે. જેના ભાગરૂપે, મતદારયાદીમાં નવા નામ નોંધણી હેતુ ફોર્મ-૬ આગામી નવમી એપ્રિલ સુધી ભરી શકાશે. તથા મતદાર નોંધણી અધિકારીની કચેરી અથવા કલેકટર કચેરીમાં રૂબરૂ અરજી આપી શકાશે. આ ઉપરાંત મતદારો Voter Helpline App, Voter Service Portal (https://voters.eci.gov.in) પર પણ ઓનલાઈન અરજી કરી શકશે.

## *Holi train*

હોળીના તહેવારને ધ્યાને રાખીને પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી અને ગોમતીનગર વચ્ચે સ્પેશ્યલ ટ્રેનની બે ટ્રીપ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત સાબરમતી-ગોમતીનગર સ્પેશ્યલ ટ્રેન 22 માર્ચ શુક્રવારે રાત્રે 10 વાગ્યે

ઉપડશે જે બીજા દિવસે રાત્રે 10 કલાક 20 મિનિટે ગોમતીનગર પહોંચશે, અને ગોમતીનગર-સાબરમતી સ્પેશ્યલ ટ્રેન 24 માર્ચે સવારે છ વાગ્યે ગોમતીનગરથી ઉપડશે, જે બીજા દિવસે સવારે સાત વાગ્યે સાબરમતી પહોંચશે. આ ટ્રેનો માટે IRCTC ની વેબસાઈટ પર આજથી બુકિંગ કરવી શકાશે.

## *RAILWAY---HOLI-SPECIAL*

**ભારતીય રેલ્વે હોળીના તહેવારો દરમિયાન 540 વિશેષ ટ્રેન ચલાવશે. રેલ્વે મંત્રાલયે કહ્યું કે, દિલ્હી-પટના, દિલ્હી-ભાગલપુર, દિલ્હી-મુઝફ્ફરપુર, દિલ્હી-સહરસા, ગોરખપુર-મુંબઈ, કોલકાતા-પુરી, ગુવાહાટી-રાંચી અને નવી દિલ્હી- શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા જેવા સ્થળો માટે ખાસ ટ્રેન ચલાવાશે.**

**મંત્રાલયે કહ્યું કે, મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્ય સ્ટેશનો પર વધારાના રેલવે પ્રોટેક્શન ફોર્સ તેમજ આરપીએફના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.**

## st bus

ગોધરા એસટી વિભાગ દ્વારા પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લામાં હોળી પર્વે વતન પરત ફરતા શ્રમજીવીઓ માટે વધારાની બસો દોડાવાનું આયોજન કરાયું છે. ગોધરા વિભાગના સાત ડેપો પર વધારાની દસ બસો દોડાવાશે, જેથી ખાનગી બસોના છાપરે કરાતી જોખમી મુસાફરી ટાળી શકાય, ઉપરાંત બોર્ડના પરીક્ષાર્થીઓ માટે પણ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવા વધારાની બસો દોડાવાઈ રહી છે.

## *Holi*

સમગ્ર રાજ્યમાં હોળીના પર્વનો માહોલ જામ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કંટાળું હનુમાનજી મંદિરે અમલકી એકાદશી ના

લોકમેળાનો ગઈ કાલથી પ્રારંભ થયો છે. તો આ સાથે જ ગામમાં શરૂ થઈ ગયેલ હોળીના પર્વની ઉજવણી રંગ પાંચમ સુધી ચાલશે.

સાથે જ સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે 51 હજાર કિલો નેચરલ કલર સાથે ધૂળેટીના તહેવાર ની ઉજવણી કરવામાં આવશે.

હોળી પૂર્વે રાજપીપળામાં વૈષ્ણવ મહિલાઓ દ્વારા લઠમાર હોળી રસિયા રમવામાં આવે છે વ્રજમાં ગોપીઓ કૃષ્ણ સાથે રાસ રમતા હોય તેમ અબીલ ગુલાલ અને પુષ્પો વડે મોટી સંખ્યામાં વૈષ્ણવ મહિલાઓ હોળી પૂર્વે રસિયા રમી કૃષ્ણ ભક્તિ કરે છે.

મહેસાણા જિલ્લાના કડીમાં વૈદિક હોળી પ્રગટે એ માટે ગૌરક્ષકો અને ગૌશાળાઓના સંચાલકો તેમજ જાગૃત નાગરિકો એ કડીના ગ્રામ્ય વિસ્તારો માં 15 ટન ગોબર સ્ટીક થી 50 થી વધુ વેદીક હોળી  પ્રગટાવવાનો નિર્ણય કર્યો છે